કેસ આવ્યા તારીખ : ૨૨/૦૧/૨૦૨૫
કેસ દાખલ તારીખ : ૨૨/૦૧/૨૦૨૫
કેસ નિર્ણય તારીખ : ૧૦/૦૭/૨૦૨૬
સમય ગાળો : <u>વર્ષ</u> <u>માસ</u> <u>દિવસ</u>
૦૧ ૦૫ ૧૮

<u>નડીઆદના મહે. અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.નડીઆદ.</u>

ફોજદારી કેસ નં. : ૧૭૮૩/૨૦૨૫
આંક : ૨૨

ફરિયાદી : **પરમાર દિનેશભાઈ નારણભાઈ**
ઉ.વ.પુખ્ત, ધંધો: નોકરી
રહે. રોહીતવાસ, મુ.વડથલ,
તા.મહુધા, જી.ખેડા

–: વિરૂધ્ધ :–

આરોપી : **ખલીફા અલતાફહુસેન મહમંદહનીફ**
ઉ.આ.વ.પુખ્ત, ધંધો : વેપાર
રહે : સેજાનપાર્ક સોસાયટી, મોજેશા આઝમ પીરની મસ્જીદ,
એસ.ટી.નગરની પાછળ, મુ.નડીઆદ, જી.ખેડા

વિષય : <u>ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ની કલમ–૧૩૮ મુજબની ફરિયાદ</u>

ફરિયાદીપક્ષ તરફે વિ.વ.શ્રી બી.ટી.મકવાણા

આરોપીપક્ષ તરફે વિ.વ.શ્રી એસ.એસ.મલેક

–:: ચુકાદો ::–

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી ફરિયાદમાં જણાવેલ સ્થળે રહે છે અને આ કામના આરોપી પણ ઉપરોકત સરનામે રહે છે. આ કામના આરોપી હેર સલુનની દુકાન વડથલ ગામે ધરાવતા હોઈ અને ફરિયાદી વર્ષોથી આરોપીની દુકાને આવતા જતા હોઈ એકબીજા વચ્ચે વિશ્વાસપુર્ણ મિત્રતાના સંબંધો બંધાયેલા. આમ, આ કામના આરોપીને મકાન બનાવવાના કામે નાણાંની જરૂરીયાત ઉપસ્થિત થતા ફરિયાદી પાસે આજથી એકાદ વર્ષ પહેલાના અરસામાં હાથ ઉછીના નાણાં રૂા.૫,૦૦,૦૦૦/–પુરાની માંગણી કરતા ફરિયાદીએ તેમની પી.એફ.ની જાત બચતમાંથી બચાવેલા નાણાંમાંથી વ્યવસ્થા કરીને આરોપીને તેમની માંગણી મુજબ રૂા.૫,૦૦,૦૦૦/– હાથ ઉછીની રકમ આપેલ અને સદર રકમ આરોપીએ ફરિયાદીને છ માસમાં પરત ચુકવી આપવાનો પાકો ભરોસો અને વિશ્વાસ આપેલો હતો. આમ, આરોપીએ જણાવ્યા મુજબ છ માસનો સમય વિત્યા બાદ ફરિયાદીએ આરોપીને આપેલ હાથ ઉછીના નાણાંની માંગણી કરતા આરોપીએ ફરિયાદીને બેંક ઓફ બરોડા, વડથલ શાખાનો ખાતા નં.૧૭૬૮૮૧૦૦૦૦૫૧૧૬ નો ચેક નં.૦૦૦૦૦૭ વાળો તા.૦૩.૧૦.૨૦૨૪ ના રોજનો રૂા.૫,૦૦,૦૦૦/– નો ચેક સહી કરીને આપેલ હતો અને જણાવેલ કે સદરહુ ચેક પાકતી તારીખે બેંકમાં રજુ કરતા તમોને તમારા નાણાં મળી જશે. આમ, ફરિયાદીએ આરોપી પર વિશ્વાસ અને ભરોસો રાખી તેમનો સદર ચેક સ્વીકારેલો. આમ, આરોપીએ ફરિયાદીને આપેલ ચેક ફરિયાદીએ તેમની બંધન બેંક, નડીઆદ શાખામાં તા.૧૧.૧૦.૨૦૨૪ ના રોજ જમા કરાવતા સદર ચેક ''ફંડ ઈનસફીશીયન્ટ'' ના શેરા સાથે તા.૧૪.૧૦.૨૦૨૪ ના રોજ પરત ફરેલો અને ફરિયાદીને તેમની કાયદેસરની લેણાંની રકમ મળી શકેલ નહી. જેથી ફરિયાદીએ ચેક પરત આવ્યાની જાણ આરોપીને કરતા આરોપીએ જણાવેલ કે, હાલ ખાતામાં બેલેન્સ ના હોય જેથી એક માસ બાદ ભરશો તો તમોને સદર ચેકની લેણી રકમના નાણાં મળી જશે. જેથી ફરિયાદીએ આરોપી પર વિશ્વાસ અને ભરોસો રાખી સદર ચેક બીજી વખત તેમની બંધન બેંક, નડીઆદ શાખામાં તા.૦૨.૧૨.૨૦૨૪ ના રોજ જમા કરાવતા સદર ચેક ''ફંડ ઈનસફીશીયન્ટ'' ના શેરા સાથે બજી વખત પણ તા.૦૩.૧૨.૨૦૨૪ ના રોજ પરત ફરેલ અને ફરિયાદીને સદર ચેકના નાણાં મળી શકેલ નહી. જેથી ફરિયાદીએ તેઓના વિ.વ.શ્રી મારફતે આરોપીને તા.૧૦.૧૨.૨૦૨૪ ના રોજ રજી.એ.ડી.ધ્વારા નોટીસ મોકલાવેલી. જે નોટીસ

તા.૧૧.૧૨.૨૦૨૪ ના રોજ બજી ગયેલ હોવા છતાં આરોપીએ નોટીસનો કોઈ જવાબ આપેલ નથી કે ચેકમાં જણાવ્યા મુજબની રકમ ચુકવી આપેલ નથી. આમ, આરોપીએ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ મુજબ ગુનો કરેલ હોઈ. જેથી, ફરિયાદીએ હાલની ફરિયાદ અત્રેની કોર્ટમાં દાખલ કરેલ છે.

(૨) ફરિયાદીએ ઉપરોકત જણાવેલ હકીકતવાળી ફરિયાદ રજુ કરતા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૫ મુજબનુ લેખિત સોગંદનામુ ઘ્યાને લેતાં તથા રજુ કરેલા પુરાવાઓ ઘ્યાને લેતાં ફરિયાદીની ફરિયાદ રજીસ્ટરે લેવાનો હુકમ કરી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૪ ની જોગવાઈ અન્વયે આરોપી વિરૂઘ્ધની ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયેના ગુના સબબના સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ.

(૩) સદરહુ ફરીયાદનું રેકર્ડ તથા રોજકામ ઘ્યાને લેતાં આરોપીને પ્રોસેસની બજવણી થઈ જતાં અને આરોપી તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થતા આરોપીને ફરિયાદ તથા તેની સાથે ફરિયાદીએ રજુ કરેલ દસ્તાવેજોની નકલો પુરી પાડવામાં આવેલ છે.

વધુમાં, અત્રેની કોર્ટના મારા પુરોગામી ન્યાયાધીશશ્રી ઘ્વારા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૧ ની જોગવાઈ મુજબ આરોપીનો **આંક–૦૮** થી જવાબ (પ્લી) નોંધવામાં આવેલ અને તેમાં આરોપીએ ગુનો કબુલ ન રાખતા, સદરહુ ફરીયાદનું કામ, ફરીયાદપક્ષના પુરાવા ઉપર મુલત્વી રાખવામાં આવેલ.

(૪) આરોપી સામેના ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ કલમ–૧૩૮ ના ગુનાનો આરોપ પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ નીચે મુજબનો વિગતવાર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

:: મૌખિક પુરાવો ::

અ.નં.	મૌખિક પુરાવો	આંક
૧	ફરીયાદી દિનેશભાઈ નારણભાઈ પરમારનું સરતપાસનુ સોગંદનામુ	૦૪

:: દસ્તાવેજી પૂરાવો ::

અ.નં.	દસ્તાવેજી પુરાવો	આંક
૧	આરોપીએ ફરીયાદીને આપેલ અસલ ચેક	૧૩
૨	ચેક રીટર્ન થતા બેંકે આપેલ રીટર્ન મેમો અસલ	૧૪
૩	ચેક ફરી વખત રીટર્ન થતા બેંકે આપેલ રીટર્ન મેમો અસલ	૧૫
૪	આરોપીને આપેલ નોટીસની સ્થળપ્રત	૧૬
૫	આરોપીને આર.પી.એ.ડી.થી નોટીસ મોકલ્યા અંગેની સફેદ પાવતી	૧૭
૬	આરોપીને આર.પી.એ.ડી.થી મોકલેલ નોટીસ બજી ગયા અંગેનો પોષ્ટ ખાતાનો ઓનલાઈન ટ્રેક રીપોર્ટ	૧૮

(૫) ફરિયાદપક્ષે ઉપરોકત પુરાવાઓ રજુ થયા બાદ વધુ કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવા નથી તે મલતબની આંક-૧૯ થી પુરસીસ રજુ કરી પુરાવો પુર્ણ થયાનુ જાહેર કરેલ છે.

(૬) ઉપરોકત ફરિયાદપક્ષ તરફે પુરાવો રજુ થયા બાદ સદર કામ આરોપીના વિશેષ નિવેદન માટે રાખવામાં આવેલ હતુ, પરંતુ આરોપીને પુરતી અને વ્યાજબી તક આપવા છતાં આરોપી હાજર રહેલ નથી. જેથી ફરિયાદપક્ષે રજુ થયેલ આંક-૨૦ ની અરજી મંજુર કરી આરોપીનો વિશેષ નિવેદનનો હકક તા.૦૪.૦૭.૨૦૨૬ ના રોજ બંધ કરવામાં આવેલ છે.

(૭) ફરિયાદપક્ષે ઉપરોકત પુરાવા રજુ થયા બાદ સદર કામે ફરિયાદપક્ષ તરફે તેમના વિધ્વાન વકીલશ્રીએ મૌખિક દલીલો કરેલ છે, જે ધ્યાને લીધી.

(૮) ત્યારબાદ સદર કામ આરોપીની દલીલો માટે રાખવામાં આવેલ હતુ, પરંતુ આરોપીને પુરતી અને વ્યાજબી તક આપવા છતાં આરોપી હાજર રહેલ નથી. જેથી ફરિયાદપક્ષે રજુ થયેલ આંક-૨૧ ની અરજી મંજુર કરી આરોપીનો દલીલોનો હકક

તા.૦૭.૦૭.૨૦૨૬ ના રોજ બંધ કરવામાં આવેલ છે.

(૯) ફરિયાદીની ફરિયાદ હકીકત, ફરીયાદના કામે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી–પુરાવો, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈ તથા બંને પક્ષકારોની દલીલો ધ્યાને લેતા સદરહુ ફરીયાદના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

–:: મુદ્દાઓ ::–

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદવાળો ચેક આરોપીએ પોતાના કાયદેસરના દેવાની ચુકવણી પેટે ફરિયાદીને લખી આપેલ જે નિયમ સમયમાં વટાવવા ફરિયાદીએ પોતાની બેંકમાં રજુ કરતાં વગર સ્વિકારાયે પરત ફરેલ, જેને નિયત સમયમાં પોષ્ટ મારફતે કાયદેસરની નોટીસ આરોપીને મોકલાવેલ, જે મળવા છતાં આરોપીએ નોટીસનો અમલ ન કરી ફરીયાદવાળા ચેકની રકમ ફરિયાદીને ન ચૂકવી **ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮** મુજબ સજાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૧૦) ઉપરોકત મુદ્દાઓના મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

// નિર્ણયો //

(૧) હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

// કા ર ણો //

(૧૧) સદર કામે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાની ચર્ચા કરતાં પહેલા કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવી આવશ્યક છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈ ધ્યાને લેવી આવશ્યક છે જેના તત્વો નીચે મુજબ છે.

➢ **<u>ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના આવશ્યક તત્વો :–</u>**

(૧) આરોપીએ તેમના દવારા લખવામાં આવેલ ખાતામાંથી ફરિયાદીને નાણાં ચૂકવવા ચેક આપેલ.

(૨) આરોપીએ ફરિયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશત: દેવા માટેની જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.

(૩) ચેક જે તારીખે લખ્યો તે તારીખથી છ(૬) માસની અંદર સમય મર્યાદામાં અથવા વેલીડીટી પીરીયડ બંનેમાંથી જે વહેલા તે સમયમર્યાદામાં રજુ કરવામાં આવેલ છે.

(૪) તે ચેક આરોપીના ખાતામાં અપુરતા ભંડોળના કારણે પરત ફરેલ છે.

(૫) ચેક પરત થયાની માહિતી મળ્યા બાદ ફરિયાદીએ નાણાની માંગણી લેખિતમાં કરેલ હતી.

(૬) તેઓને નોટીસ મળી ગયેલ હોવા છતાં ચેકના નાણા સમય મર્યાદામાં ચૂકવી આપેલ નથી.

ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટના કાયદા મુજબ અદાલતે બે અનુમાન કરવાના રહેશે, જેમાં પ્રથમ અનુમાન કલમ–૧૧૮ અન્વયે તથા બીજુ અનુમાન કલમ– ૧૩૯ અન્વયે કરવાનું રહેશે.

➢ **<u>ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ ધ્યાને લઈએ તો :–</u>**

કલમ–૧૧૮–વટાઉખત વિશે માની લેવાની બાબત....

એથી વિરૂધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણે માની લેવામાં આવશે.

(ક) દરેક વટાઉખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યુ હતુ અને આવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યુ હોય તો તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોત તે વટાવવામાં આવ્યુ હોય તે વટાવવામાં આવ્યુ હોય અથવા તબદીલ કરવામાં આવ્યુ હોય તે અવેજને માટે સ્વીકાર્યુ હતુ તેના ઉપર શેરો કરી આપ્યો હોય તે વટાવ્યુ હતુ અથવા તબદીલ કર્યુ હતુ.

(ખ) <u>તારીખ વિશે :–</u>

જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉખત તે તારીખે કરી આપ્યુ અથવા લખી આપ્યુ હતુ.

(ગ) **<u>સ્વીકારવાના સમય વિશે :–</u>**

સ્વીકારાયેલુ દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલાં વ્યાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યુ હતુ.

(ઘ) **<u>તબદીલના સમય વિશે :–</u>**

કોઈ વટાઉખતની દરેક તબદીલ તે ખત પાકવાની તારીખ પહેલાં થઈ હતી.

(ચ) **<u>શેરાઓના ક્રમ વિશે :–</u>**

ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

(જ) **<u>ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિશે :–</u>**

કોઈ વટાઉખતનો ધારક યથાક્રમ ધારક છે પરંતુ જયારે તે ખત તેના કાયદેસરના માલીક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યુ હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વિકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું હોય ત્યારે તે ખતનો ધારક પોતે યથાક્રમે ધારક છે એમ સાબિત કરવાનો બોજો તેના ઉપર છે.

➢ **<u>કલમ– ૧૩૯ – ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાન :–</u>**

વિરૂઘ્ધની હકીકત સાબીત ન થાય ત્યાં સુધી એવું માનવામાં આવશે કે તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૯ માં દર્શાવ્યા મુજબ કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજ મુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે. પાછો ફરેલ ચેક વર્તમાન લેણાંનો કે જવાબદારી પુરી કરવા માટેનો હતો પરંતુ અનુમાન કરીને દેવા પરત્વેનો ન હતો તે ચેક આપનાર ઉપર છે.

(૧૨) સદરહુ કેસમાં **આંક–૦૪** થી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૫ માં જણાવેલ જોગવાઈ અન્વયે સોગંદનામાના સ્વરૂપમાં ફરિયાદીનો મૌખિક પુરાવો રજુ કરેલ છે. **આંક–૦૪** ના ફરિયાદીનો મૌખિક પુરાવો ધ્યાને લેતા તથા ફરીયાદવાળા **આંક–૧૩** વાળા ચેક અંગેનો આરોપીની બેંકનો **આંક–૧૪ અને ૧૫** થી રજુ બેંક રીટર્ન મેમો ધ્યાને લેતા **આંક–૧૩** વાળો ચેક ''ફંડ ઈનસફીશીયન્ટ'' ના શેરા સાથે પરત આવેલ છે. ફરીયાદવાળો ચેક રીટર્ન આવ્યા બાબતનો શેરો ધ્યાને લેતા ફરીયાદવાળા ચેકમાં આરોપીએ સહી કરેલ છે તેવુ માનવાને કારણ રહે છે. આ ઉપરાંત **આંક–૧૩** વાળા ચેકમાં આરોપીની સહી નથી તેવી હકીકત રેકર્ડ ઉપર લાવવા માટે આરોપી તરફે કોઈપણ પ્રકારની કાયદેસરની કાર્યવાહી અનુસરવામાં આવેલ નથી. આમ, સદરહુ ફરિયાદવાળો ચેક આરોપીના ખાતાના હોવાનુ રેકર્ડ પર ફલિત થાય છે. આમ, સદરહું ફરિયાદના કામમાં ફરિયાદીનો **આંક–૦૪** નો મૌખિક પુરાવો પુરાવો ધ્યાને લેતા અને પુરાવાની મુલવણી કરતાં અને ફરીયાદના કામે રજુ થયેલ પુરાવાની ઉપરોકત મુલવણી મુજબ ફરિયાદપક્ષ **આંક–૧૩** ફરિયાદવાળા ચેક બાબતે એકઝીકયુશન એટલે કે દસ્તાવેજ કરી આપેલ છે તે હકીકત ઉપરોકત જણાવેલ **મંગુભાઈ મનસુખરામ પંડયા વિરૂઘ્ધ પ્રાણજીવન ત્રીભોવનદાસ પુરોહીત (૧૯૯૧(ર) જી.એલ.એચ.–૬૫)** ના ચુકાદામાં જણાવેલ હકીકત મુજબ પુરવાર કરી પોતાની પ્રાથમિક જવાબદારી પુર્ણ કરી શકેલ હોઈ, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ માં જણાવેલ અનુમાનો ફરિયાદીની તરફેણમાં આવે છે અને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ માં જણાવેલ અનુમાનોનું ખંડન કરવાનો બોજો આરોપી ઉપર આવેલ છે.

(૧૩) સદરહુ ફરિયાદના કામમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ માં જણાવેલ અનુમાનો ફરિયાદીની તરફેણમાં આવેલ હોવાથી હાલની ફરીયાદના કામમાં બંને પક્ષકારો ઘ્વારા રજુ થયેલ પુરાવાની મુલવણી કરીને એ નકકી કરવાનું રહે કે, શું આરોપી પક્ષ દ્વારા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ ના અનુમાનોનું ખંડન થઈ શકે તેટલો ચુસ્ત વિશ્વાસપાત્ર,

ભરોસાપાત્ર, માનવાપાત્ર તથા પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલો પુરાવો રેકર્ડ પર લાવી શકેલ છે કે નહીં?

(૧૪) હાલના કામે ફરીયાદપક્ષની દલીલો તથા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઈઓ તથા ઉપર જણાવેલ પેરેગ્રાફમાં જણાવેલ નામદાર વડી અદાલતના ચુકાદાઓમાં જણાવેલ સિધ્ધાંતો ધ્યાને લઈને, સદરહું ફરિયાદના કામે રજુ થયેલ પુરાવાની મુલવણી મુદ્દા નં.૧ ના ન્યાય નિર્ણય માટે કરતા નીચે મુજબની હકીકતો ફલિત થાય છે.

(૧૫) આ કામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબ ઉપર મુજબના તત્વો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૧૮ મુજબ અનુમાન થાય કે ચેક આરોપીનો છે અને લેણાં પેટે આપેલ હોય પરંતુ તેનુ ખંડન આરોપીએ કરવું પડે અને જયારે તેવું પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી એટલે ફરિયાદીના કેસ સામે વ્યાજબી શંકા ઉપસ્થિત કરે ત્યારે પુરાવાનો બોજો ફરિયાદી તરફ ખસે કાયદાકીય દ્રષ્ટિથી હાથ ઉપરના કેસનું વિશ્લેષણ કરીએ તો, આ કામે ફરિયાદીની ફરિયાદ અને સરતપાસ ધ્યાને લઈએ તો, ફરિયાદપક્ષે રજૂ થયેલ પુરાવો ધ્યાને લેતા આ કામના **ફરિયાદી દિનેશભાઈ નારણભાઈ પરમારનાઓએ આંક-૦૪ થી પુરાવારૂપી સોંગદનામુ રજૂ કરેલ છે** અને તેઓએ ફરિયાદ હકીકતને અનુરૂપ પુરાવો આપેલ છે.

ત્યારબાદ સદર કામ આરોપી તરફે ફરિયાદીની ઉલટતપાસ માટે રાખવામાં આવેલ હતુ, પરંતુ પુરતી અને વ્યાજબી તક આપવા છતાં આરોપી હાજર રહેલ ન હોય. જેથી ફરિયાદીની ઉલટતપાસ કરવાનો આરોપીનો હકક તા.૦૪.૦૬.૦૨૬ ના રોજ બંધ કરવામાં આવેલ છે.

(૧૬) ઉપરોકત ચર્ચા કરી તે મુજબનો તમામ દસ્તાવેજી અને મૌખિક પુરાવો વંચાણે લેવામાં આવે તો કાયદાની કલમ ૧૩૮ માં દર્શાવેલ પ્રક્રિયાનુ પાલન થયેલ છે તેમજ કાયદાની કલમ-૧૧૮ તથા ૧૩૯ ના અનુમાનો તથા ફરિયાદ પક્ષ ધ્વારા તેમના

કેસના સમર્થનમાં રજુ રાખવામાં આવેલા દસ્તાવેજી પુરાવાઓને વંચાણે લેતાં આ કામના આરોપી તરફથી ફરિયાદીને આપવામાં આવેલ ચેક આરોપીના બેંક ખાતામાં વટાવવા માટે રજુ કરતા તે ચેક **''ફંડ ઈનસફીશીયન્ટ''** ના શેરા સાથે પરત કરવામાં આવેલ. ત્યારબાદ આરોપીને ફરિયાદીએ કાયદાની જોગવાઈ મુજબ ડીમાન્ડ નોટીસ મોકલી ચેક પરત ફરેલ હોવાની જાણ કરેલ હોવા છતાં અને નિયમ સમય સુધી રાહ જોવા છતાં ફરિયાદીને તેની કાયદેસરની લેણી રકમ નહી ચુકવીને આરોપીએ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવાની હકીકતો પુરવાર થાય છે. હવે, જયારે આવી હકીકત પુરવાર થાય છે ત્યારે સદર પુરવાર થયેલ હકીકતનું ખંડન કરવાની જવાબદારી બચાવપક્ષના શિરે રહે છે. તેવા સંજોગોમાં બચાવપક્ષે બચાવમાં લીધેલી હકીકતો ધ્યાને લેવી જરૂરી બને છે.

ફરિયાદ પક્ષની પુરવાર હકીકતો અને બચાવપક્ષ ધ્વારા તેનુ ખંડન :

(૧૭) ઉપરોકત કેસમાં પડેલા પુરાવાનુ મૂલ્યાંકન કરતાં પહેલા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની સાથે કલમ–૧૩૯ ની જોગવાઈ વંચાણે લેતાં કલમ–૧૩૮ મુજબનો ગુનો પુરવાર કરવા માટે ફરિયાદીનુ કાયદેસરનુ લ્હેણુ આરોપી પાસે બાકી હોવાનુ અને તેના બદલામાં આરોપીએ ચેક આપેલ હોવાનુ અને ચેકમાં ની સહિ આરોપીની હોવાનુ પ્રાઈમાફેસી પુરવાર જણાઈ આવે તો આરોપીએ આ ચેક પોતાની જવાબદારી અદા કરવા પેટે આપેલ છે તેવુ કોર્ટ અનુમાન કરી શકશે સિવાય કે તેનાથી વિરુધ્ધનુ પુરવાર કરવામાં આવે. ઉપરોકત જોગવાઈઓને નજર સમક્ષ રાખી સદર કેસમાં પડેલ પુરાવાનુ મૂલ્યાંકન કરતા સૌપ્રથમ ફરિયાદીએ આંક–૦૪ ની પુરાવા એફીડેવીટમાં જણાવેલ છે કે, ફરિયાદને અનુરૂપ પુરાવો આપેલ છે અને આરોપી તરફે ફરિયાદીની ઉલટતપાસ કરેલ ન હોય સદર પુરાવાનો બચાવપક્ષ ખંડન કરી શકેલ નથી. તે સંજોગોમાં આંક–૧૩ વાળો ચેક આરોપીએ ફરીયાદીને આપેલ હોવાનું ફલિત થાય છે અને તેમાં આરોપીની સહી ન હોવા બાબતે કોઈ બચાવ લેવામાં આવેલ નથી. ત્યારે સદરહું ચેક કાયદેસરની જવાબદારી પેટે ફરીયાદીને આપેલ હોવાનું નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની

કલમ–૧૩૯ મુજબનું પ્રિઝમ્પ્શન આરોપીની વિરુધ્ધમાં કરવાનુ રહે છે અને ઉપરોકત ચર્ચા કર્યા મુજબ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ ની જોગવાઈઓ જોતા સ્ટેચ્યુટરી પ્રિઝમ્પ્શન રિબટ કરવાનો બોજો આરોપીના શીરે જાય છે અને તે સંજોગોમાં આ ચેક કાયદેસરની જવાબદારી અદા કરવા પેટે આપેલ ન હોય તે પુરવાર કરવાની જવાબદારી આરોપીની થઈ જાય છે, તે સંજોગો જોતા ચેકમાં આરોપીની સહી છે અને તે ચેક ફરીયાદીના નામે લખવામાં આવેલ છે. સદર ચેક તારીખ ૦૩.૧૨.૨૦૨૪ ના રોજ ''ફંડસ ઈનસફીશીયન્ટ'' ના શેરા સાથે પરત ફરેલ છે, જે આંક–૧૫ થી રજુ રીટર્ન મેમો જોતાં ફલિત થાય છે અને ચેક વણચુકવ્યો પરત ફર્યાના ૩૦ દિવસની અંદર એટલે કે તા.૧૦.૧૨.૨૦૨૪ ના રોજ આરોપીને આંક–૧૬ ની ડીમાન્ડ નોટીસ આપેલ હોવાનું અને સદર નોટીસ આરોપીને તા.૧૧.૧૨.૨૦૨૪ ના રોજ બજી ગયેલ હોવાનુ આંક–૧૮ ના પોષ્ટ ખાતાના ઓનલાઈન ટ્રેક રીપોર્ટ ઉપરથી ફલિત થાય છે. આમ, ડીમાન્ડ નોટીસ બજયાના ૧૫ દિવસમાં એટલે કે તા.૨૬.૧૨.૨૦૨૪ સુધીમાં આરોપી ધ્વારા સદરહું ચેકની રકમની ચૂકવણી ન કરાતા ફરીયાદી ધ્વારા તા.૨૭.૧૨.૨૦૨૪ થી ૩૦ દિવસની અંદર એટલે કે તા.૨૨.૦૧.૨૦૨૫ ના રોજ હાલની ફરીયાદ દાખલ કરેલ છે. ઉપરોકત સમગ્ર હકીકતોનુ ખંડન બચાવપક્ષ કરી શકેલ નથી કે હકીકતોનુ ખંડન થાય તેવો કોઈ પુરાવો પણ બચાવપક્ષે રજુ કરવામાં આવેલ નથી. તે સંજોગોમાં ફરિયાદીની હકીકતો નહી માનવાને કોઈ કારણ નથી.

(૧૮) સદર કેસ તારીખ ૨૨.૦૧.૨૦૨૫ ના રોજ નામદાર કોર્ટમાં દાખલ થયેલ છે. સદર કામે આરોપીને નામદાર કોર્ટનો સમન્સ બજેલ છે. આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી નામદાર કોર્ટમાં હાજર રહેલ છે અને આંક–૦૮ થી મારા પુરોગામી વિધ્વાન મેજીસ્ટ્રેટશ્રી ધ્વારા આરોપીની પ્લી નોંધવામાં આવેલ છે. આમ, આરોપીને તેમની સામે નામદાર કોર્ટમાં નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળના ગુનાનો કેસ ચાલતો હોવાની હકીકતથી માહિતગાર છે તેમજ આરોપીને પુરતી, વ્યાજબી અને ન્યાયિક તક આપવામાં આવેલ છે. આરોપી પક્ષ તેમના બચાવમાં પુરાવો રજુ કરી શકયા હોત, પરંતુ ન્યાયિક તક આપવા છતાં બચાવપક્ષ

ધ્વારા કોઈ પ્રકારનો મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ નથી. ક્રિમીનલ જ્યુરીસ્પુન્ડસના સામાન્ય સિધ્ધાંત મુજબ આરોપી સામે કેસ નિ:શંક પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષના શિરે રહે છે. **<u>પરંતુ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૧૮ અને ૧૩૯ સદર સામાન્ય સિધ્ધાંતને અપવાદરૂપ છે.</u>** જયારે ફરિયાદી પાસે ચેક છે ત્યારે કલમ–૧૧૮ અને કલમ–૧૩૯ મુજબ તે આરોપી પાસેથી કાયદેસરના લેણાં પેટે છે તેવુ અનુમાન કરવુ પડે. હવે જો આરોપી તેનાથી વિપરીત હકીકત પુરવાર કરવા માંગતા હોય તો કલમ–૧૩૯ ના અનુમાનનુ ખંડન કરવાની જવાબદારી આરોપીના શિરે રહે છે. **<u>આરોપીએ પ્લીમાં ગુનો કબુલ નથી તેવુ કહેવા માત્રથી કલમ–૧૩૯ નું ખંડન કરેલ છે તેવુ માની શકાય નહી.</u>**

(૧૯) આ કામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ ઉપર મુજબના તત્વો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ મુજબ અનુમાન થાય કે ચેક આરોપીનો છે અને લેણાં પેટે આપેલ હોય પરંતુ તેનુ ખંડન આરોપીએ કરવું પડે. જયારે તેવું પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી એટલે કે ફરિયાદીના કેસ સામે વ્યાજબી શંકા ઉપસ્થિત કરે ત્યારે પુરાવાનો બોજો ફરિયાદી તરફ ખસે. હાલના કામે ફરિયાદીએ રેકર્ડ ઉપર આંક–૦૪ થી સરતપાસનુ સોગંદનામુ રજુ રાખી ફરીયાદવાળી હકીકતને સમર્થન આપેલ છે તેમજ આંક–૧૩ થી વાદગ્રસ્ત ચેક રજુ રાખેલ છે અને જે પરત આવ્યા બાબતેનો રીટર્ન મેમો આંક–૧૪ અને ૧૫ થી રજુ રાખેલ છે. સદરહું ચેક રીટર્ન થતા આંક–૧૬ વાળી નોટીસ આરોપીને રજી.એડી.થી મોકલેલ છે અને જે નોટીસ આરોપીને મોકલ્યા અંગેની પોષ્ટ ખાતાની સફેદ પાવતી આંક–૧૭ થી રજુ રાખેલ છે. જે નોટીસ આરોપીને બજી ગયા અંગેનો આંક–૧૮ થી પોષ્ટ ખાતાનો ઓનલાઈન ટ્રેક રીપોર્ટ રજુ રાખેલ છે. વધુમાં વાદગ્રસ્ત ચેકવાળુ ખાતુ પણ આરોપી પોતે નિભાવતા ન હોવા અંગેનો પણ બચાવ આરોપીએ લીધેલ નથી. જેથી ફરીયાદપક્ષ દવારા આરોપી પાસેથી બાકી નિકળતા નાણાં પેટે આરોપીએ હાલનો વાદગ્રસ્ત ચેક ફરિયાદીને આપેલ હોય તે સ્વાભાવિક માની શકાય તેવી હકીકત છે. જેથી હાલના કામનો વાદગ્રસ્ત ચેક

તે ફરિયાદીને બાકી નિકળતા નાણાં ભરપાઈ કરવા આપેલ હોવાનું પ્રથમ દર્શનીય રીતે પુરવાર થાય છે. આમ, આરોપીએ ફરિયાદીના પુરાવાનું ખંડન કરેલ નથી. વધુમાં વાદગ્રસ્ત ચેકવાળુ ખાતુ આરોપીનુ ન હોવાનુ કે ચેકમાં પોતાની સહી ન હોવા અંગેનો કોઈ બચાવ આરોપી દ્વારા લીધેલ નથી. આરોપી જાતે પોતાનો બચાવ રજુ કરવા જાતે બોક્ષમાં આવી જુબાની આપેલ નથી કે અન્ય કોઈ સાહેદોને તપાસી પુરવાર કરેલ નથી. વધુમાં નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ મુજબ જયારે કોઈ ચેક કોઈ વ્યકિત સહી કરીને આપતા હોય તો તે કાયદેસરના લેણાં પેટે આપેલ હોય તેવુ અનુમાન કોર્ટે કરવાનું રહે છે અને તેનો ખંડનાત્મક પુરાવો રજુ કરવાની જવાબદારી જે તે વ્યકિત ચેક આપનાર હોય તેની રહે છે. આરોપીએ સદરહું બાબતનો ખંડનાત્મક પુરાવો નામદાર કોર્ટ સમક્ષ રજુ કરેલ નથી ત્યારે હાલની ફરિયાદમાં પુરાવામાં રજુ રહેલ ચેક આરોપીએ ફરિયાદીને કાયદેસરના બાકી લેણાં પેટે આપેલ હોવાનું જણાય આવે છે. જેથી આરોપી સામે જે અનુમાન કલમ-૧૩૯ મુજબ ઉપસ્થિત થાય કે સદર ચેક લેણાં પેટે આપવામાં આવેલ છે જે ખંડનાત્મક અનુમાન હોય છે તેનુ ખંડન મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી કરવામાં આરોપી નિષ્ફળ નીવડેલ છે.

(૨૦) આમ, ઉપરોકત સમગ્ર પુરાવો ધ્યાને લેતા ફરિયાદપક્ષે, આરોપીને નાણાંની જરૂરીયાત હોય જેથી ફરિયાદીએ રૂા.૫,૦૦,૦૦૦/- હાથ ઉછીના આપેલા અને તેની ચુકવણી પેટે આંક-૧૩ વાળો ચેક આપેલ હોવાનુ અને તે ચેક રીટર્ન થયા બાદ આંક-૧૬ ની કાયદેસરની નોટીસ આરોપીને બજી ગયેલ હોવા છતાં આરોપીએ નિયત સમયમાં કોઈ રકમ ફરિયાદીને ચુકવેલ ન હોવાનુ પુરવાર થાય છે. આરોપી તરફે કોઈ બચાવ લેવામાં આવેલ નથી. આમ, સમગ્ર પુરાવો જોતા ફરિયાદપક્ષ પોતાની કાયદેસરની લેણી રકમ વસુલ મેળવવા માટે અને આરોપીએ પોતાની કાયદેસરની જવાબદારી અદા કરવા માટે સદરહુ ચેક આપેલ હોવાની અને તે ચેક ''ફંડસ ઈનસફીશીયન્ટ''ના કારણે રીટર્ન થયેલ હોવાનુ અને નોટીસ આપવા છતાં આરોપીએ આવી કોઈ રકમ ચુકવી આપેલ ન હોવાની હકીકત ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. પરંતુ ફરિયાદીનુ કાયદેસરનુ લેણું સ્વીકારીને ચેકની રકમ પેટે અમુક રકમ ફરિયાદીને ચુકવેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, સમગ્ર

પુરાવો જોતા ફરિયાદપક્ષ પોતાની કાયદેસરની લેણી રકમ વસુલ મેળવવા માટે અને આરોપીએ પોતાની કાયદેસરની જવાબદારી અદા કરવા માટે સદરહુ ચેક આપેલ હોવાની હકીકત ફરિયાદપક્ષે પુરવાર કરેલ છે. જેથી આ કામના આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુનામાં તકસીરવાન ઠરાવી મુદ્દા નં.૧ નો નિર્ણય ''**હકાર**'' માં ઠરાવી, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈ કરવાનો આશય ઘ્યાને લઈને આ અદાલત મુદ્દા નં.ર અન્વયે નીચે મુજબનો ''**આખરી હુકમ**'' કરે છે.

–:: આ ખ રી હુ ક મ ::–

(૧) આ કામના આરોપી **ખલીફા અલતાફહુસેન મહમંદહનીફ,** રહે : સેજાનપાર્ક સોસાયટી, મોજેશા આઝમ પીરની મસ્જીદ, એસ.ટી.નગરની પાછળ, મુ.નડીઆદ, જી.ખેડાનાઓને **ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૩૮** મુજબના સજાને પાત્ર ગુન્હામાં ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–ર૫૫(ર) અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને સદર ગુનામાં આરોપીને **છ (૬) માસની સાદી કેદની સજા** ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

(ર) ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૫૭(૩) મુજબ ફરિયાદવાળા ચેકની રકમ રૂા.૫,૦૦,૦૦૦/– આરોપીએ ફરિયાદીને વળતર પેટે હુકમની તારીખથી એક માસની અંદર ચુકવી આપવી. જો આરોપી વળતરની રકમ હુકમની તારીખથી એક માસની અંદર ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ **એક માસની સજા** કરવામાં આવે છે તેવો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપીએ જે સજા ભોગવેલ હોય તો**, સી.આર.પી.સી.ની કલમ–૪ર૮** મુજબ ભોગવેલ સજા મજરે આપવી.

(૪) આરોપી હાજર થયેથી તેને આ હુકમની એક નકલ વિના મુલ્યે પુરી પાડવી તેવો હુકમ કરવામાં આવે છે.

(૫) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૧૮ (૨) મુજબ આરોપી સામે સજાના અમલ સારૂ પકડ વોરંટ જારી કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ: ૧૦ મી, માહે: જુલાઈ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૧૦/૦૭/૨૦૨૬
નડીઆદ

(રજનીકાંત નરસિંહભાઈ પટેલ)
મુખ્ય સીનીયર સીવીલ જજ અને
એડી.ચીફ જયુ.મેજીસ્ટ્રેટ, નડીઆદ
{code No.GJ00861}